| GJJN110002862023 | सत्यमेव जयते | | | | |
|---|---|---|---|---|---|
| | | રજુ તારીખ : | 21 | 03 | 2023 |
| | | દાખલ તારીખ : | 21 | 03 | 2023 |
| | | ફેસલ તારીખ : | 12 | 05 | 2026 |
| | | સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | | | 03 | 01 | 21 |
| | | **આંક : ૭૪.** | | | |

**ભેસાણના મહેરબાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.ભેસાણ, જી.જુનાગઢ.**

**–: નમુનો–અ :–**

## ફોજદારી કેસ નં. ૨૫૮/૨૦૨૩.

ચુકાદાની તા.૧૨/૦૫/૨૦૨૬.

| **ગુન્હાની વિગત** | |
|---|---|
| ગુન્હાની કલમ | ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૮ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ખાનગી ફરીયાદ છે. |
| પોલીસ સ્ટેશન | |
| ફરીયાદી પક્ષ | **નરેન્દ્રભાઈ કાબાભાઈ રાખોલીયા,**<br>ઉ.વ.આ.૪૪, ધંધો: ખેતી,<br>રહે.મોટી પાટી, ચુડા, તા.ભેસાણ. |
| ફરીયાદી તર્ફે વિ.વ.શ્રી : | એસ.આર.ડોડીયા. |
| આરોપી પક્ષ | **વિશ્વમ ઈન્ફોના ભાગીદાર દરજજે (પેઢીના કુલમુખત્યાર વહીવટકર્તા),**<br>**(૧) વિપુલભાઈ ખોડાભાઈ ચોવટીયા,** ઉ.વ.આ. : ૪૦, રહે.બ્લોક નં.૭, ઠાકરશી નગર–૧, સાર્વજનીક પ્લોટ સામે, ખલીલપુર રોડ, જુનાગઢ.<br>**(૨) પિયુષભાઈ ઉકાભાઈ ગોધાણી,** ઉ.વ.આ. : ૩૯, રહે.નં.૪/૫, રાજનગર, બ્લોક નં.૯, સાર્વજનીક પ્લોટ સામે, કાવેરી એપાર્ટમેન્ટની સામેની ગલી, ખલીલપુર રોડ, જુનાગઢ. |
| આરોપી તર્ફે વિ.વ.શ્રી : | ડી.એન.અપારનાથી. |

| **-: નમુનો-બ :-** | |
|---|---|
| ગુન્હાની તારીખ | -- |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ખાનગી ફરીયાદ કરી છે. |
| ચાર્જશીટની તારીખ | -- |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૧૨/૦૫/૨૦૨૩ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૩/૦૭/૨૦૨૩ |
| ચુકાદો મુલ્તવી રાખ્યાની તારીખ | -- |
| ચુકાદાની તારીખ | ૧૨/૦૫/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | -- |

**-: આરોપીની વિગત :-**

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ/દોષ | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧.<br><br>૨. | વિપુલભાઈ ખોડાભાઈ ચોવટીયા,<br><br>પિયુષભાઈ ઉકાભાઈ ગોધાણી, | -- | -- | ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ ૧૩૮ મુજબ. | નિર્દોષ | -- | -- |

**-: <u>નમુનો-ક</u> :-**

**:: <u>સાહેદોનું લીસ્ટ</u> ::**

**<u>અ.ફરીયાદ પક્ષ તર્ફે સાહેદો</u> :**

| ક્રમ | આંક | નામ | પુરાવા પ્રકાર |
|---|---|---|---|
| પી.૧ | ૬ | ફરીયાદી નરેન્દ્રભાઈ કાબાભાઈ રાખોલીયાનું સરતપાસનું સોગંદનામુ. | ફરીયાદી |

## :: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ ::

**અ.ફરીયાદ પક્ષ તર્ફે રજુ થયેલ દસ્તાવેજો :**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ડી.૧ | ૧૪ | આરોપીએ આપેલ ચેક નં.૦૧૬૧૨૧. |
| ડી.૨ | ૧૫ | ચેક પરત ફર્યાનો રીટર્ન મેમો. |
| ડી. ૩ | ૧૬ | આરોપીને આપેલ નોટીસ. |
| ડી. ૪ | ૧૭,૧૮ | રજી.એ.ડી.ની એકનોલેજમેન્ટ સ્લિપ–૨. |
| ડી. ૫ | ૧૯ | ફરીયાદીના આધારકાર્ડની નકલ. |
| ડી.૬ | ૨૦ | બેંકની પાવતી. |

## –: ચુ કા દો :–

(૧). ફરીયાદીના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,ફરીયાદી ભેંસાણ તાલુકાના ચુડા ગામે રહે છે અને ખેતી કરે છે, આરોપીઓ જુનાગઢ જીલ્લાના જુનાગઢ મુકામે રહે છે અને વિશ્વમ ઈન્ફ્રો ભાગીદારીના કુલમુખત્યાર તરીકે સબંધના નાતે ધંધાના વિકાસ માટે હાથ ઉછીની રકમ રૂા.૨,૦૦,૦૦૦/– લીધેલ હતા અને તે પૈસા પેટે આરોપી એ સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા, ખલીલપુર જુનાગઢ શાખાના ખાતા નં.૩૫૭૮૭૮૫ ૧૯૩ નો ચેક નં.૦૧૬૧૨૧ વાળો રૂા.૨,૦૦,૦૦૦/– નો તા.૨૩–૧૨–૨૦૨૨ નો સીકયુરીટી પેટે લખી આપેલ હતો. ફરીયાદીએ આરોપી પાસેથી રકમની ઉઘરાણી કરતા આરોપીએ જણાવેલ કે, તમોને આપેલ ચેક તમારા બેન્કના ખાતામાં જમા કરાવશો એટલે તમોને તમારા પૈસા મળી જશે, જેથી ફરીયાદીએ તા.૨૩–૧૨–૨૦૨૨ ના રોજ એસ.બી.આઈ. ચુડા શાખામાં તેમના ખાતામાં સદર ચેક રજુ કરતા તારીખ : ૦૨–૦૨–૨૦૨૩ ના રોજ ''ફંડસ ઈનસફીશીયન્ટ'' ના શેરા સાથે રીટર્ન થયેલ. ચેક રીટર્ન થયાની જાણ આરોપીને ફોનથી કરેલી અને પૈસા બાબતે ઉઘરાણી કરેલી,પરંતુ આરોપીએ કોઈ જવાબ આપેલ નહીં કે રકમ ચુકવી

આપવા કોઈ દરકાર કરેલ નહીં. આરોપીએ ચેક મુજબની રકમ નહીં ચુકવતા ફરીયાદીએ તેમના વકીલ શ્રી મારફતે તા.૦૬–૦૨–૨૦૨૩ ના રોજ બન્ને આરોપીને લેખીતમાં કાનુની નોટીસ આપેલી, જે નોટીસ આરોપી નં.૧ ને તા.૦૭–૦૨–૨૦૨૩ ના રોજ તથા આરોપી નં.૨ ને તા.૦૮–૦૨–૨૦૨૩ ના રોજ બજી ગયેલ, તેમ છતાં આરોપીએ ચેક મુજબ ની લેણી રકમ ચુકવી આપેલ નહીં કે કોઈ જવાબ આપેલ નહી, જેથી ફરીયાદીએ હાલની આ ફરીયાદ દાખલ કરેલ છે અને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૮ અન્વયે આરોપીને સજા કરવા હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૨). ફરીયાદીની ફરીયાદ સબંધે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૦ મુજબ સોગંદ ઉપર વેરીફીકેશન નોંધવામાં આવેલ અને ત્યારબાદ રજુ દસ્તાવેજી પુરાવો ઘ્યાને લઈ, આરોપીઓ સામે ઉપરોકત ગુનાનું સંજ્ઞાન લઈ, મારા પુરોગામી ન્યાયાધીશ શ્રી ઘ્વારા સદર ફરીયાદ રજીસ્ટર લેવાનો,તેમજ આરોપી ઉપર પ્રોસેસ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ હતો.

(૩). ત્યારબાદ, આરોપીઓને ધોરણસર સમંશ બજી જતા જેના અનુસંધાને આરોપીઓ અત્રેની અદાલતમાં ઉપસ્થિત થતા, આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ ફરીયાદની નકલ મળી ગયેલ હોવાની ખાત્રી કર્યાબાદ ગુના અંગે સમજ આપી આંક–૧૨ અને આંક–૧૩ થી નિવેદન લેવામાં આવતા આરોપીઓએ ગુના નો ઈન્કાર કરેલ. ત્યારબાદ ફરીયાદીના પુરાવા પર કામ મુલત્વી રાખવામાં આવેલ અને ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪). ત્યારબાદ, ફરીયાદીએ તેઓની ફરીયાદના સર્મથનમાં નમુના–ક(અ) મુજબ ના મૌખિક પુરાવાઓ તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે. ત્યારબાદ, પુરતી તક આપવા છતાં ફરીયાદી તરફે કોઈ વિશેષ પુરાવા રજુ રાખવામાં આવેલ ન હોય, આંક–૧ હેઠળના હુકમ મુજબ ફરીયાદીના વિશેષ પુરાવાનો

હકક બંધ કરવામાં આવેલ હતો.

(૫). ત્યારબાદ, આરોપીઓનું ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયેનું વધારાનું નિવેદન લેતા તેમાં તેઓએ ફરીયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ છે, તેમજ સોગંદ ઉપર જુબાની આપવા તથા બચાવના સાહેદ તપાસવાનો ઈન્કાર કરેલ છે, તેમજ વિશેષમાં તેઓ નિર્દોષ છે અને તેઓ ઉપર ફરીયાદીનું કોઈ કાયદેસરનું લેણું ન હોવાની હકીકત જણાવેલ છે. આમ, આ કામે આરોપી તરફે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

(૬). ત્યારબાદ, ફરીયાદી તરફે તેઓના વિધ્વાન વકીલ શ્રી એસ.આર.ડોડીયાએ તેઓની મૌખિક દલીલ કરી જણાવેલ છે કે, આ કામના ફરીયાદીએ, આરોપી ને તેમના ધંધાના વિકાસ માટે રૂપિયા બે લાખ હાથ ઉછીના આપેલ હતા, તે રકમ પરત માંગતા આ કામના આરોપીએ તકરારી ચેક આપેલ હતો, જે ચેક પરત ફરતા આ કામના આરોપીને કાયદા મુજબ ડિમાન્ડ નોટિસ આપવામાં આવેલ, જે નોટિસ આરોપી ને બજી ગયેલ. આમ ફરીયાદીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની જોગવાઈનું પાલન કરેલ છે, તેમ છતાં આજદિન સુધી આરોપીએ ફરિયાદીના નાણાં ચુકવી આપેલ નથી. આ બાબતે ફરીયાદીએ આંક–૬ થી જુબાની આપેલ છે અને આ કામે આંક–૧૪ થી આંક–૨૦ ના દસ્તાવેજો રજુ કરેલા છે, આ કામે રજુ થયેલ આંક–૧૪ વાળો તકરારી ચેક ''ફંડસ ઈનસફીશીયન્ટ'' ના શેરા સાથે પાછો ફરેલ, તે રીટર્ન મેમો રજુ થયેલો છે, નિયત સમય મર્યાદામાં નોટીસ આપેલ છે. આથી ફરીયાદી એ તેનો કેસ સાબીત કરેલ છે. આ કામે આરોપીએ તકરારી ચેક પણ ફરીયાદી નરેન્દ્રભાઈ કાબાભાઈ રાખોલીયાના નામનો આપેલ છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૯ મુજબ તકરારી ચેક આરોપીએ તેના કાયદેસરના દેવા અને જવાબદારી પેટે આપેલ હોવાનું અદાલતે અનુમાન કરવાનું રહે છે. જે અનુમાનનું આરોપીએ ખંડન કરવાનું હોય છે પરંતુ આરોપી

આ અનુમાનનું ખંડન કરવામાં નિષ્ફળ રહેલ છે. આમ, આ કામના ફરીયાદી ધ્વારા તેઓનો કેસ સાબીત કરવામાં આવેલ છે. સબબ આરોપીને સજા કરવા અરજ કરેલ છે.

(૭). વધુમાં, આ કામના આરોપી તર્ફે આંક–૬૫ થી લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે. જે લેખિત દલીલ વંચાણે લીધી. તેમજ આરોપીઓ તરફે વિધ્વાન વકીલ શ્રી ડી.એન.અપારનાથીએ મૌખિક દલીલ કરી જણાવેલ છે કે, આ કામે ફરીયાદીએ જે તકરારી ચેક રજુ કરેલ છે તે ભાગીદારી પેઢીના નામનો છે અને હાલની ફરીયાદમાં ભાગીદારી પેઢીને આરોપી તરીકે જોડેલ નથી તેમજ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૪૧ ધ્યાને લેતાં, કંપનીની વ્યાખ્યામાં ભાગીદારી પેઢીનો સમાવેશ થાય છે. ત્યારે ભાગીદારી પેઢીને પણ ફરીયાદના કામે આરોપી તરીકે જોડવી જોઈએ અને ફરીયાદ દાખલ કરતા અગાઉ ભાગીદારી પેઢીને નોટીસ પાઠવવી જોઈએ. આમ, આ કામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૮ તથા કલમ–૧૪૧ નું પાલન થતુ નથી તેમજ ફરીયાદ ધ્યાને લેતાં, ફરીયાદી અને આરોપી વચ્ચે નાણાંકીય વ્યવહાર સને–૨૦૧૮ માં થયેલ છે જયારે આંક–૧૪ થી રજુ થયેલ તકરારી ચેક તા.૨૩/૧૨/૨૦૨૨ નો છે.આમ, ફરીયાદીની લેણુ મુદત બહારનું છે. વધુમાં ફરીયાદીએ કહેવાતી હાથ ઉછીની આપેલ રકમ રૂપિયા બે લાખ કયારે, કોની હાજરીમાં અને કેવી રીતે આપેલા તેવી કોઈ હકિકત જણાવેલ નથી કે તે બાબતે કોઈ સાહેદને પણ તપાસેલ નથી, જેથી ફરીયાદ હકિકત મુજબ રૂપિયા બે લાખ આરોપીને હાથ ઉછીના આપેલ હોવાની હકિકત શંકા ઉત્પન્ન કરે છે. વધુમાં, આરોપી ધ્વારા આંક–૬ થી ફરીયાદીની કરેલ ઉલટ તપાસની હકીકતો ધ્યાને લેતા, આરોપીએ ફરીયાદીના પુરાવાઓનું ખંડન કરેલ છે અને પોતાનો પ્રોબેબલ ડીફેન્સ ઉભો કરેલ છે, જેથી ઓનસ આ કામના ફરિયાદી ઉપર શીફટ થયેલ હોય છતાં, ફરિયાદી ધ્વારા તેઓની ઉપર આવી ગયેલ ઓનસ શીફટ કરવા સબબનો પુરાવો આપેલ નથી. જેથી

ફરીયાદીને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૧૮(એ) અને કલમ–૧૩૯ મુજબના અનુમાનનો લાભ મળી શકે નહીં. જેથી તેનો લાભ આ કામના આરોપીને આપવો જોઈએ. તે જ રીતે આ કામના ફરીયાદી ધ્વારા તેઓની ફરીયાદમાં જણાવેલ છે તેવી કોઈ જ રકમ આ કામના આરોપી પાસે થી લેણી થતી નથી. જેથી પણ આ કામના આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૮ અન્વયે સજા કરી શકાય તેમ નથી. આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લઈ ફરીયાદીની ફરીયાદ રદ કરી, આરોપીને નિર્દોષ છોડી મુકવા રજુઆત દલીલ કરેલ છે. તેમજ આ કામના આરોપી તર્ફે નીચે મુજબના ચુકાદાની નકલ રજુ કરેલ છે જે માનસહ વંચાણે લીધા.

(૧). ક્રિષ્ના જનાર્દન ભટ્ટ વિ.દતાત્રેય હેગડે, ૨૦૦૮ લો સ્યુટ (એસ.સી.) ૫૫,

(૨). અનિતા હાડા વિ. મેસર્સ ગોડફાધર ટ્રાવેલ્સ, ૨૦૧૨ ક્રિ.લો.જ. (સુ.કો.) ૨૫૨૫,

(૩). એ.વી.મુર્થી વિ. બી.એસ.નાગબસાવન્ના, એ.આઈ.આર.૨૦૦૨ (એસ.સી.) ૯૮૫,

(૪). મેસર્સ કુમાર એકસપોર્ટ વિ. મેસર્સ શર્મા કારપેટ, ૨૦૦૯ એ.આઈ.આર. એસ.સી.ડબલ્યુ.૧૦૧૮,

(૫). રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા વિ. પીયરલેસ જનરલ ફાઈનાન્સ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ કંપની લી., એ.આઈ.આર. ૧૯૮૭ (એસ.સી.) ૧૦૨૩,

(૬). એસ.ક્રિષ્નામુર્થી વિ. એ.આર.રાજન, ૧૯૯૬ ક્રિ.લો.જ.(મદ્રાસ) ૩૫૨૨.

(૮). ફરીયાદપક્ષે રજુ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી સદરહું ફરીયાદના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## **–: મુદ્દા :–**

**૧)** શું ફરીયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આરોપીઓએ સબંધ ના નાતે ધંધાના વિકાસ માટે હાથ ઉછીની રકમ રૂા. ૨,૦૦,૦૦૦/– ફરીયાદી પાસેથી લીધેલ હતા અને તે પૈસા પેટે આરોપીએ સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા, ખલીલપુર જુનાગઢ શાખાના પોતાના ખાતાનો ચેક નં.૦૧૬૧૨૧, રૂા.૨,૦૦,૦૦૦/– નો તા. ૨૩–૧૨–૨૦૨૨ નો આપેલ હતો, જે ચેક ફરીયાદીએ તા.૨૩–૧૨–૨૦૨૨ ના રોજ એસ.બી.આઈ. ચુડા શાખામાં તેમના ખાતામાં રજુ કરતા તા.૦૨–૦૨–૨૦૨૩ ના રોજ ''ફંડસ ઈનસીફીસીયન્ટ'' ના શેરા સાથે રીટર્ન થયેલ અને ત્યારબાદ ફરીયાદીએ તેમના વકીલશ્રી મારફતે તા.૦૬–૦૨–૨૦૨૩ ના રોજ બન્ને આરોપીને લેખીતમાં કાનુની નોટીસ આપેલી,જે બજી જવા છતાં આરોપીએ ચેક મુજબના નાણાં નહીં આપી ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ નો ભંગ કરી શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**૨)** શું હુકમ ?

**(૯).** ઉપરોકત મુદ્દાના મારા નિણયો તેના કારણો સહિત નીચે મુજબ છે.

**૧)** નકારમાં,

**૨)** આખરી હુકમ મુજબ.

## **કા ર ણો**

**મુદ્દા નં.૧ તથા ૨ :–**

**(૧૦).** સદર કામે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરતા પહેલાં કાયદાકીય હકીકત જોઈએ તો ફરીયાદપક્ષે **ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૮** મુજબ નો ગુનો પુરવાર કરવા માટે નીચે મુજબની હકીકત વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાની રહે છે.

૧. ચેક આરોપીએ પોતાની કાયદેસરની જવાબદારીના લેણાં પેટે આપ્યો હોવો જોઈએ.

૨. ડીસ ઓનર થયેલ ચેક લખ્યા તારીખથી છ માસની અંદર આરોપીની બેન્કમાં રજુ થયેલ હોવો જોઈએ.

૩. ફરીયાદીની બેન્ક (કલીયરીંગ બેન્ક) તરફથી ચેકની બિનચુકવણી થયાના ૩૦ દિવસમાં (holder in due due course) યથાનુક્રમે ધારણ કરનાર ડ્રોઈ અગર તો પેયીએ ચેકના ડ્રોઅર (આરોપી) ને ચેક મુજબની રકમ ની ચુકવણી માટે ડીમાન્ડ નોટીસ આપવી જોઈએ અને ડીમાન્ડ નોટીસમાં ચુકવણી માટે દિન–૧૫ નો સમય આપવો જોઈએ.

૪. ચેક લખનારે (આરોપીએ) નોટીસ મળ્યા તારીખ બાદના ૧૫ દિવસમાં ચેક મુજબની રકમની ચુકવણી કરવામાં ડ્રોઈને (ચેક લખનાર) નિષ્ફળ ગયેલ હોવા જોઈએ.

૫. ડીમાન્ડ નોટીસની ચુકવણી કરવાના ૧૫ દિવસનો સમય પૂર્ણ થયાના પછીના એક માસમાં યોગ્ય હકુમત ધરાવતી અદાલતમાં ફરીયાદીએ ફરીયાદ દાખલ કરેલ હોવી જોઈએ.

૬. જયાં સુધી વિરુઘ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી ડ્રોઈએ ચેક તેના કાયદેસરના લેણા પેટે મેળવેલ હતો તેવું અનુમાન કરવામાં આવશે.

(૧૧). ફરીયાદીની જુબાનીતથા રજુ કરેલ અન્ય દસ્તાવેજી પુરાવાઓ ઉપરથી કેટલાક અનુમાનો અદાલતે કરવાના હોય છે. જે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ વંચાણે લેતાં માલુમ પડે છે કે, જો એકવાર એમ સાબિત થાય કે, આરોપીએ ફરીયાદીને ચેક આપેલ છે તો તેવા સંજોગો માં કેટલાક અનુમાનો અદાલતે કરવાના રહે છે. જો કે તે અનુમાનો નિર્ણાયક પુરાવો નથી,પરંતુ તેવા અનુમાનોનું યોગ્ય અને વ્યાજબી પુરાવા તથા ખુલાસા

ઓથી ખંડન કરી શકાય છે. વધુમાં, આરોપીએ તેવા અનુમાનોનું ખંડન કરવા સોગંદ ઉપર જુબાની આપવી જ જોઈએ તેવો કોઈ કાયદાનો નિયમ નથી. આરોપી ફરીયાદીની ઉલટ તપાસ તથા રેકર્ડ પરના પુરાવા પરથી તેવા અનુમાનોનુ ખંડન કરી શકે છે. ચૂકાદા ની સગવડતા ખાતર કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ નીચે મુજબ રજુ છે.

**118. Presumptions as to negotiable instruments. Until the contrary is proved, the following presumptions shall be made:**

(*a*) **of consideration**.that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;

(*b*) **as to date**.that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(*c*) **as to time of acceptance**.that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(*d*) **as to time of transfer**.that every transfer of a negotiable instrument was made before its maturity;

(*e*) **as to order of indorsements**. that the indorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(*f*) **as to stamp**.that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(*g*) **that holder is a holder in due course**.that the holder of a negotiable instrument is a holder in due course:

Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the

maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

**139. Presumption in favour of holder**.It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in section 138, for the discharge, in whole or in part, of any debt or other liability.

**(૧૨).** વધુમાં, આ કામે કયાં કયાં સંજોગોમાં અનુમાનોનું ખંડન કેવી રીતે કરી શકાય તથા તેવા અનુમાનોનું ખંડન કરવા માટે પુરાવાનો બોજો કોના પર છે અને તે કેવી રીતે ખંડન કરી શકાય તે બાબતે નામદાર સર્વોચ્ચ અદાલતનો ''**હીતેન પી. દલાલ વિરુધ્ધ ભ્રતીન્દ્રનાથ બેનરજી**'' નો ચુકાદો રીફર કરવો જરૂરી હોઈ તે નીચે મુજબ છે.

**"Hiten P. Dalal v. Bratindranath Banerjee" H[ AIR 2001 SUPREME COURT 3897** જેમા નામદાર સર્વોચ્ચ અદાલતે એમ ઠરાવેલ છે કે, Section 139 provides that "it shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or other liability." The effect of these presumptions is to place the evidential burden on the accused of proving that the cheque was not received by the complainant towards the discharge of any liability. Because both Sections 138 and 139 require that the Court "shall presume" the liability of the drawer of the cheques for the amounts for which the cheques are drawn, as noted in it is obligatory on the Court to raise this presumption in every case where the factual basis for the raising of the presumption had been established. It introduced an exception to the general rule as to the burden of proof in criminal cases and shifts the onus on to the accused. Such a presumption is a presumption of

law, as distinguished from a presumption of fact which describes provisions by which the Court "may presume" a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable possibility of the non existence of the presumed fact. (Paras 20, 21)

The distinction between the two kinds of presumption lay not only in the mandate to the Court, but also in the nature of the evidence required to rebut the two. In the case of discretionary presumption the presumption if drawn may be rebutted by an explanation which 'might reasonably be true and which is consistent with the innocence" of the accused. On the other hand in the case of a mandatory presumption "the burden resting on the accused person in such a case would not be as light as it is where a presumption is raised under Section 114 of the Evidence Act and cannot be held to be discharged merely by reason of the fact that the explanation offered by the accused is reasonable and probable. It must further be shown that the explanation is a true one. The words 'unless the contrary is proved' which occur in this provision make it clear that the presumption has to be rebutted by proof and not by a bare explanation which is merely plausible. A fact is said to be proved when its existence is directly established or when upon the material before it the Court finds its existence to be so probable that a reasonable man would act on the supposition that it exist. Unless therefore, the explanation is supported by proof, the presumption created by the provision cannot be said to be rebutted.

(૧૩). આમ,ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ-૧૩૯ વંચાણે લેતાં, વિરૂધ્ધ ની હકીકત સ્થાપિત થાય તે સિવાય ચેકના ધારકને મળેલો ચેક સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે આપેલ છે તેવું અનુમાન કરવામાં આવશે.ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટમાં રહેલ વૈધાનિક અનુમાનોનું ખંડન કરવાનો બોજો આરોપી ઉપર રહેલો છે. આરોપી એ તેમના ઉપર રહેલો આવો ખંડનાતમક પુરાવો રજુ કરવાનો બોજો કે જવાબદારી સુચક અને સંતોષકારક પુરાવાઓથી સ્થાપિત કરી પુરાવાનો બોજો ફરીથી ફરીયાદી ઉપર સ્થળાંતર કરવાનો હોય છે.

(૧૪). ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ-૧૧૮(એ) મુજબ વૈધાનિક અનુમાન થાય છે કે, જયારે કોઈ પક્ષકારોની તરફેણમાં ચેક લખી આપવામાં આવે તે ચેક અવેજના બદલામાં આપવામાં આવેલ છે. આ અનુમાનનું ખંડન કરવા અંગે સાબિતીનો બોજો ચેક લખી આપનાર વ્યકિત, અવેજનો ઈનકાર કરનાર ઉપર રહેલો છે. આવા ઈન્કારની ગેરહાજરીમાં એવું કહી શકાય નહી કે ચેક અવેજ વગરનો હતો. **નામદાર સુપ્રિમ કોર્ટના, એ.આઈ.આર. ૨૦૧૦ સુપ્રિમ કોર્ટ, પાના નં.૧૯૯૮ માં પ્રસિધ્ધ થયેલ રંગપ્પા વિરૂધ્ધ મોહન**નો ચુકાદો વંચાણે લેતાં,સદરહું ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ-૧૩૮ મુજબ ના આવશ્યક તત્વો ધ્યાને લેવા જોઈએ. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ-૧૩૯ મુજબ કાયદાકીય અનુમાનનું ખંડન આરોપી ધ્વારા કરવામાં આવેલ છે કે કેમ ? સદરહું ચુકાદાના પેરા-૧૨ માં નામદાર સુપ્રિમ કોર્ટે આરોપી અવેજ અસ્તિત્વ માં ન હોવા અંગે અથવા શંકા હોવા અથવા તો, ગેરકાયદેસર હોવા અંગે પુરાવાથી બતાવી શકે તેવા સંજોગોમાં ફરીયાદી ઉપર પુરાવાના બોજાનું સ્થળાંતર થાય છે, પરંતુ માત્ર આવો અવેજ ન હોવા અંગે માત્ર નકાર કરવાથી બચાવ ગણી શકાય નહી. આરોપીએ આવું રેકર્ડ ઉપર લેવું જોઈએ કે જે માની શકાય તેવું હોય તો જ પુરાવાના બોજાનું સ્થળાંતર ફરીયાદી તરફે થાય. વધુમાં

ઉપરોકત ચુકાદાના પેરા–૧૪ માં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૯ ની છણાવટ કરી આ કલમ હેઠળ કાયદાકીય અનુમાન કાયદેસર વસુલ આવી શકે તેવા દેવા અથવા જવાબદારી અસ્તિત્વ સાથે અનુમાન કરવાનું છે. પરંતુ કાયદેસરની જવાબદારી હોવા અંગેનું અનુમાન થઈ શકે નહી તેવો ***ક્રિષ્ણા જનાર્દન ભટ્ટ વિરૂઘ્ધ દતાત્રેય હેગડે****ના* ચુકાદામાં લીધેલ વ્યુહ યોગ્ય ન હોવાનું ***નામદાર સુપ્રિમ કોર્ટે રંગપ્પા વિરૂઘ્ધ મોહન****ના* ચુકાદામાં ઠરાવેલ છે.

**(૧૫).** ઉપરોકત બંને ચુકાદા વંચાણે લેતાં, ***નામદાર સુપ્રિમ કોર્ટે રંગપ્પા****ના* ચુકાદામાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૯, ૧૧૮(એ) ની છણાવટ કરી, જો ચેક આપવામાં આવેલ હોય તો આવો ચેક અવેજ પેટે આપવામાં આવેલ છે તેવું અનુમાન તથા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૯ ની જોગવાઈ વંચાણે લેતા આરોપીએ ચેક લખી આપેલ તે કાયદેસર વસુલ આવી શકે તેવા દેવા અંગે આપેલ તેવું ફરીયાદીની તરફેણ માં અનુમાન કરવું જોઈએ. જયારે ફરીયાદી પોતાના પુરાવામાં આરોપીએ ચેક લખી આપ્યાની હકીકત સાબિત કરે. પરંતુ આરોપીએ કાયદેસરના દેવાની જવાબદારી અદા કરવા માટે ચેક આપેલ નથી તેવા બચાવમાં ખંડનાત્મક પુરાવો રજુ કરવાની જવાબદારી ''પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી'' યાને કે ખંડનાત્મક પુરાવાનો બોજો સંભવિતતાની શકયતા મુજબ આરોપીના શીરે રહે છે. નામદાર ઉચ્ચ કોર્ટોના ચુકાદાથી પ્રસ્થાપિત થયેલ છે. સંભવિત બચાવ પુરવાર કરવા માટે આરોપીને વીટનેશ બોક્ષમાં જુબાની આપવી જરૂરી નથી. પરંતુ રેકર્ડ ઉપર જે પુરાવા રજુ કરવામાં આવેલ હોય તે ઉપરથી સંભવિત બચાવ માનવા જરૂરી છે તેવી હકીકત સાબિત કરવી જોઈએ. ફરીયાદીએ પોતાના કેસની હકીકત વાજબી શંકાથી પર સાબિત કરવી જોઈએ. તે જ રીતે, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૮ મુજબની ફોજદારી કાર્યવાહીમાં આરોપીએ આવો બચાવ વાજબી શંકાથી પર પુરવાર કરવાનું

રહેતુ નથી. પરંતુ નામદાર ઉચ્ચ કોર્ટે પ્રસિધ્ધ કરેલ સિધ્ધાંત મુજબ અનુમાન નું ખંડન સંભવિતતાની શકયતા મુજબ સાબિતીનો બોજો પક્ષકારો ઉપર ફેરબદલ થતો રહે છે.

(૧૬). વધુમા આ આ કામે આરોપી તરફે નામદાર સુપ્રિમ કોર્ટના ***મેસર્સ કુમાર એક્સપોર્ટ વિ. મેસર્સ શર્મા કારપેટ,*** *૨૦૦૯ એ.આઈ.આર.એસ.સી.ડબલ્યુ. ૧૦૧૮,* ના ચુકાદાની નકલ રજુ કરવામાં આવેલ છે જે માનસહ વંચાણે લેતાં,

“Section 118 of the Act inter alia directs that it shall be presumed, until the contrary is proved, that every negotiable instrument was made or drawn for consideration. Section 139 of the Act stipulates that unless the contrary is proved, it shall be presumed, that the holder of the cheque received the cheque, for the discharge of, whole or part of any debt or liability. Applying the definition of the word 'proved' in Sec. 3 of the Evidence Act to the provisions of Secs. 118 and 139 of the Act, it becomes evident that in a trial under Sec. 138 of the Act a presumption will have to be made that every negotiable instrument was made or drawn for consideration and that it was executed for discharge of debt or liability once the execution of negotiable instrument is either proved or admitted. As soon as the complainant discharges the burden to prove that the instrument, say a note, was executed by the accused, the rules of presumptions under Secs. 118 and 139 of the Act help him shift the burden on the accused. The presumptions will live, exist and survive and shall end only when the contrary is proved by the accused, that is, the cheque was not issued for consideration and in discharge of any debt or liability. A presumption is not in itself evidence, but only makes a prima facie case for a party for whose benefit it exists. The use of the phrase "until the contrary is proved" in Sec. 118 of the Act and use of the words "unless the contrary is proved" in Sec. 139 of the Act read with definitions of " may presume" and "shall presume" as given in Sec. 4

of the Evidence Act, makes it at once clear that presumptions to be raised under both the provisions are rebuttable. When a presumption is rebuttable, it only points out that the party on whom lies the duty of going forward with evidence, on the fact presumed and when that party has produced evidence fairly and reasonably tending to show that the real fact is not as presumed, the purpose of the presumption is over. The accused in a trial under Sec. 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist or that under the particular circumstances of the case the non-existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial. The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the Court need not insist in every case that the accused should disprove the non-existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the Court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are

compelling, the burden may likewise shift again on to the complainant. The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Sec. 114 of the Evidence Act to rebut the presumptions arising under Secs. 118 and 139 of the Act. The accused has also an option to prove the non-existence of consideration and debt or liability either by letting in evidence or in some clear and exceptional cases, from the case set out by the complainant, that is, the averments in the complaint, the case set out in the statutory notice and evidence adduced by the complainant during the trial. Once, such rebuttal evidence is adduced and accepted by the Court, having regard to all the circumstances of the case and the preponderance of probabilities, the evidential burden shifts back to the complainant, and thereafter, the presumptions under Secs. 118 and 139 of the Act will not again come to the complainant's rescue.

આમ, ઉપરોકત ચુકાદો વંચાણે લેતાં, તેમાં નામદાર સુપ્રિમ કોર્ટે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૮ ના ગુન્હા સંદર્ભે કલમ ૧૧૮ તથા કલમ–૧૩૯ ના કાયદાના અનુમાનો કયારે કરી શકાય અને તે અનુમાનોનુ ખંડન કરવાની જવાબદારી, આરોપી કેવી રીતે નિભાવી શકે, તે અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ છે.

(૧૭). આ કામે રજુ થયેલ રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની આંક–૬ થી રજુ કરેલી જુબાનીમાં પોતાની આંક–૧ ની ફરીયાદમાં જણાવેલી તમામ હકીકતોને વળગી રહી અને ફરીયાદને સમર્થનકારી પુરાવો રજુ કરેલ છે. આ તમામ હકીકતોને આ કામે આગળ ઉપર વિગતવાર રીતે જણાવવામાં આવેલી હોવાથી તેનું પુનરાવર્તન થતું અટકાવવા માટે અત્રે વર્ણન કરવામાં આવેલુ નથી.

(૧૮). આ કામે ફરીયાદીના કેસની હકીકત ધ્યાને લેતાં, આ કામના આરોપીઓએ વિશ્વમ ઈન્ફ્રો ભાગીદારીના કુલમુખત્યાર તરીકે, ફરિયાદી પાસેથી સબંધના

નાતે ધંધાના વિકાસ માટે હાથ ઉછીની રકમ રૂા.૨,૦૦,૦૦૦/– લીધેલ હતા અને તે ઉછીના લીધેલ પૈસાના દેવા સબંધે આ કામના આરોપીઓએ ફરીયાદી ને સવાલવાળો ચેક લખીને આપેલ હતા અને તે ચેક ફરીયાદીએ તેમની બેંકમા જમા કરાવતા, આ ચેક ''ફંડસ ઈનસફીસીયન્ટ'' ના શેરા સાથે ચુકવણુ થયા વગર પરત ફરેલ. જેથી ફરીયાદીએ હાલની ફરીયાદ અત્રે અદાલતમા દાખલ કરેલ છે. જે સબંધે આ કામના આરોપીની તકરાર એવી છે કે, કહેવાતી રૂપિયા બે લાખની રકમ ફરિયાદીએ આરોપીને આપેલ નથી. ત્યારે આ રકમ ફરિયાદી એ આરોપીને તેના ધંધાના વિકાસ માટે હાથ ઉછીની આપેલી તે હકીકત ફરિયાદીએ પુરવાર કરવી પડે આ કામના રેકર્ડ ઉપર ફરિયાદપક્ષનો પુરાવો તેમજ ફરિયાદ હકકીત ધ્યાને લેતાં, ફરિયાદી જણાવે છે કે, આરોપીઓએ વિશ્વમ ઈન્ફો ભાગીદારીના કુલમુખત્યાર તરીકે સબંધના નાતે ધંધાના વિકાસ માટે હાથ ઉછીની રકમ રૂા.૨,૦૦,૦૦૦/– લીધેલ હતા. કહેવાતી આ રકમ ફરિયાદીએ આરોપીને રોકડમાં આપેલી કે ચેક ધ્વારા આપેલી તેમજ કોની હાજરીમાં આપેલી તેવી કોઈ હકીકત ફરિયાદીએ તેમની ફરિયાદમાં કે સરતપાસના સોગંદનામામા જણાવેલ નથી. વધુમાં ઉપરોકત રકમ હાથ ઉછીના આપવા માટે ફરિયાદી પાસે આ રકમ હતી એટલે કે, ફરિયાદી પોતે ફરિયાદમા જણાવેલ રકમ રૂપિયા બે લાખ હાથઉછીની આપી શકે તેવી ફાઈનાન્સીયલ કેપેશીટી ધરાવતા હતા કે કેમ તે હકીકત સબંધે ફરિયાદીની ઉલટ તપાસ ધ્યાને લેતાં, તેઓ જણાવે છે કે, ''હુ હાલ ખેતી કામ કરૂ છુ. ખેતીની હાલ મારી પાસે અઢાર વીઘા જમીન છે. હુ ખેતીમાંથી રૂપિયા પાંચ–છ લાખ જેવી ઉપજ મેળવુ છુ. એ વાત ખરી છે કે ખેતીમાંથી હુ જે રૂપિયા ઉપજ મેળવુ છુ તેમાં વર્ષે ત્રણ–ચાર લાખ જેટલો ખર્ચ પણ થાય. એ વાત ખરી છે કે, ખેતીકામમાંથી વર્ષે રૂપિયા બે લાખનો નફો થાય કે બે લાખ રૂપિયા હુ મારા કુટુંબના જીવન નિર્વાહ માટે વાપરૂ છુ. એ વાત ખરી છે કે, ખેતીકામમાં કયારેક નુકશાની પણ જાય. મે સને ૨૦૧૮ થી આજદીન સુધીમાં ખેતી કામ માટે અને

પાક ધીરાણ માટે લોન લીધલી છે. હું સને ૨૦૧૮ થી લઈ સને ૨૦૨૪ સુધી દર વર્ષે પાક ધીરાણની લોન મેળવુ છુ. એ વાત ખરી છે કે હુ જે લોન ધીરાણ મેળવુ તેના ઉપર મારે બેન્કના નિયમ મુજબ વ્યાજ ભરવુ પડે છે. હું વ્યાજે પૈસા લઈ અને આરોપી વિપુલભાઈને એટલા માટે પૈસા આપુ છુ કે મારે અને વિપુલભાઈને મિત્રતાના સંબંધો છે. મે આરોપીને સૌ પ્રથમ સને ૨૦૧૮–૧૯ માં બે લાખ રૂપિયા હાથ ઉછીના આપેલા તે રકમ મારી પાસે પડેલી હતી. મારે ભાગીદારી ધંધો ચુડા મુકામે હોય તેના પૈસા આવેલા જે પૈસા મે આરોપીને આપેલા. મારે આ બે લાખ સીવાય રૂપિયા પાંચ લાખ અને છ લાખ ભાગીદારી ધંધામાંથી આવેલા. મારી ભાગીદારી પેઢી ચુડા પટેલ ફર્નિચર નામથી ચાલતી હતી. આ ભાગીદારી પેઢીમાં ત્રણ ભાગીદારો હતા જેમાં (૧) મનસુખભાઈ વલ્લભભાઈ કોરાટ, રહે.ચુડા (૨) નવીનીતભાઈ બાબુભાઈ વાસલીયા ઉર્ફે ભુત અને (૩)હુ એમ કુલ ત્રણ ભાગીદારો હતા. હુ ભાગીદારી પેઢીમાં સને ૨૦૧૮ માં છુટો થયેલો.મારે માલ–મિલકતના ભાગ ના રૂપિયા તેર લાખ મારી પાસે સને ૨૦૧૮ માં આવેલા. હુ પટેલ ફર્નિચર ભાગીદારી પેઢીનુ જણાવુ છુ તે ભાગીદારી પેઢીનો દસ્તાવેજ નામદાર કોર્ટમાં રજુ કરી શકુ. હુ જે ભાગીદારીપેઢી માંથી સને ૨૦૧૮ માં છુટો થયેલો. જે ભાગીદારી પેઢીમાં સને ૨૦૦૮ કે ૨૦૦૯ માં જોડાયેલો હતો. હુ ભાગીદારી પેઢીના હિસાબના ચોપડા રાખતો અને તેનો રોજમેળ બનતો. હુ ભાગીદારી પેઢીમાંથી છુટો થયેલ તેનુ કોઈ લખાણ કરવામાં આવેલુ નહી. હું નામદાર કોર્ટમાં આવતી મુદતે ભાગીદારી પેઢીના ચોપડા રજુ રાખીશ.'' તેવી હકીકત જણાવેલ છે. આ કામે રેકર્ડ જોતાં ફરીયાદી ની તા. ૦૫/૦૯/૨૦૨૪ ના રોજ ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જે ઉલટ તપાસમાં પોતે કહેવાતી આરોપીને આપેલી રકમ રૂા.૨,૦૦,૦૦૦/– તેઓએ તેમની ભાગીદારીનો ધંધો ચુડા મુકામે હોય તેના પૈસા આવેલા. જે પૈસામાંથી તેઓએ આરોપીને આપેલા. વધુમાં, એ હકીકત પણ જણાવે છે કે, આ ભાગીદારી પેઢી ચુડા પટેલ ફર્નિચર નામથી ચાલતી હતી અને તેઓએ આ

રૂા.૨,૦૦,૦૦૦/– સિવાય આરોપીને રૂા.૫,૦૦,૦૦૦/– અને રૂા. ૬,૦૦,૦૦૦/– પણ આ ભાગીદારી પેઢીમાંથી આપેલા. હવે આ હકીકત સાબીત કરવા માટે ફરીયાદીએ તેમની ઉલટ તપાસ દરમ્યાન આ ભાગીદારી પેઢીના ચોપડા રજુ કરવા માટે જણાવતાં ફરીયાદીની ઉલટ તપાસ માટે તેમજ ફરીયાદીની તરફથી આ ભાગીદારી પેઢીના ચોપડા રજુ થવા માટે કામ મુલત્વી રાખવામાં આવેલ. પરંતુ ફરીયાદીને પુરતી તકો આપવા છતાં તેઓએ આ ભાગીદારી પેઢીના કોઈ ચોપડા રજુ કરેલ નથી કે પોતે તેમની વધુ ઉલટ તપાસ માટે હાજર રહેલ નથી. આમ, આ સંજોગોમાં ફરીયાદીની વધુ ઉલટ તપાસ થઈ શકેલ નથી. જેથી ફરીયાદી વિરુધ્ધ ADVRERSE INFERENCE ઉત્પન્ન થાય છે.

(૧૯). વધુમાં, આ કામે બચાવ પક્ષનો બચાવ એવો છે કે, આંક–૧૪ થી રજુ થયેલો તકરારી ચેક ધ્યાને લેતા તે ચેક વિશ્વમ ઈન્ફો નામની પેઢીના ખાતાનો છે અને આ કામે વિશ્વમ ઈન્ફો ભાગીદારી પેઢીને નોટીસ પાઠવવામાં આવેલ નથી તેમજ ફરીયાદમાં પણ ભાગીદારી પેઢીને આરોપી તરીકે દર્શાવેલ નથી તેથી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૪૧ નો ભંગ થાય છે. આ સંબંધે આંક–૧૪ થી રજુ થયેલો તકરારી ચેક ધ્યાને લેવામાં આવે તો તે ચેક વિશ્વમ ઈન્ફો નામની પેઢીના ખાતાનો જણાંઈ આવે છે. જેમાં વિપુલભાઈ ખોડાભાઈ ચોવટીયા તથા પિયુષભાઈ ઉકાભાઈ ગોધાણી ભાગીદાર હોવાનુ ચેક ઉપર દર્શાવેલ છે. આમ, આ હકીકત ધ્યાને લેતાં હાલનો ચેક ભાગીદારી પેઢીના ખાતાનો હોવાનું જણાઈ આવે છે. જયારે ફરીયાદીની આંક–૧ ની ફરીયાદ ધ્યાને લેતાં હાલની ફરીયાદ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૮ મુજબ દાખલ થયેલ છે. પરંતુ જયારે કોઈ કંપની વિરુધ્ધ ચેક વગર સ્વીકાર્યા પરત ફરવાનો ગુન્હો બનતો હોય ત્યારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૮ સાથે કલમ–૧૪૧ વંચાણે લેવી જરૂરી

બને છે.

141 Offences by companies.

(1) If the person committing an offence under section 138 is a company, every person who, at the time the offence was committed, was in charge of, and was responsible to the company for the conduct of the business of the company, as well as the company, shall be deemed to be guilty of the offence and shall be liable to be proceeded against and punished accordingly:

Provided that nothing contained in this sub-section shall render any person liable to punishment if he proves that the offence was committed without his knowledge, or that he had exercised all due diligence to prevent the commission of such offence:

[Provided further that where a person is nominated as a Director of a company by virtue of his holding any office or employment in the Central Government or State Government or a financial corporation owned or controlled by the Central Government or the State Government, as the case may be, he shall not be liable for prosecution under this Chapter.]

(2) Notwithstanding anything contained in sub-section (1), where any offence under this Act has been committed by a company and it is proved that the offence has been committed with the consent or connivance of, or is attributable to, any neglect on the part of, any director, manager, secretary or other officer of the company, such director, manager, secretary or other officer shall also be deemed to be guilty of that offence and shall be liable to be proceeded against and punished accordingly.

Explanation.— For the purposes of this section,—(a) “company” means any body corporate and includes a firm or other association of individuals; and (b) “director”, in relation to a firm, means a partner in the firm.]

(૧૯.૧). આ સંબંધે નામદાર સર્વોચ્ચ અદાલતના ***Aneeta Hada vs M/S Godfather Travels & Tours Pvt.Ltd,*** *AIR 2012 SUPREME COURT 2795,* થી નાં ચુકાદામાં ઠરાવેલ છે કે,

> 16. On a reading of the said provision, it is plain as day that if a person who commits offence under Section 138 of the Act is a company, the company as well as every person in charge of and responsible to the company for the conduct of business of the company at the time of commission of offence is deemed to be guilty of the offence. The first proviso carves out under what circumstances the criminal liability would not be fastened. Sub-section (2) enlarges the criminal liability by incorporating the concepts of connivance, negligence and consent that engulfs many categories of officers. It is worth noting that in both the provisions, there is a 'deemed' concept of criminal liability.
>
> 17. Section 139 of the Act creates a presumption in favour of the holder. The said provision has to be read in conjunction with Section 118(a) which occurs in Chapter XIII of the Act that deals with special rules of evidence. Section 140 stipulates the defence which may not be allowed in a prosecution under Section 138 of the Act. Thus, there is a deemed fiction in relation to criminal liability, presumption in favour of the holder, and denial of a defence in respect of certain aspects.
>
> 18. Section 141 uses the term 'person' and refers it to a company. There is no trace of doubt that the company is a juristic person. The concept of corporate criminal liability is attracted to a corporation and company and it is so luminescent from the language employed under Section 141 of the Act. It is apposite to note that the present

enactment is one where the company itself and certain categories of officers in certain circumstances are deemed to be guilty of the offence.

41 It will be seemly to quote a passage from Maxwell ' The Interpretation of Statutes (12 th Edition) : - " he strict construction of penal statutes seems to manifest itself in four ways: in the requirement of express language for the creation of an offence; in interpreting strictly words setting out the elements of an offence; in requiring the fulfilment to the letter of statutory conditions precedent to the infliction of punishment; and in insisting on the strict observance of technical provisions concerning criminal procedure and jurisdiction."

42 We have referred to the aforesaid passages only to highlight that there has to be strict observance of the provisions regard being had to the legislative intendment because it deals with penal provisions and a penalty is not to be imposed affecting the rights of persons whether juristic entities or individuals, unless they are arrayed as accused. It is to be kept in mind that the power of punishment is vested in the legislature and that is absolute in Section 141 of the Act which clearly speaks of commission of offence by the company. The learned counsel for the respondents have vehemently urged that the use of the term's well as in the Section is of immense significance and, in its tentacle, it brings in the company as well as the director and/or other officers who are responsible for the acts of the company and, therefore, a prosecution against the directors or other officers is tenable even if the company is not arraigned as an accused. The words ' s well ashave to be understood in the context. In

Reserve Bank of India v. Peerless General Finance and Investment Co. Ltd. and others, 1987 1 SCC 424 it has been laid down that the entire statute must be first read as a whole, then section by section, clause by clause, phrase by phrase and word by word. The same principle has been reiterated in Deewan Singh and others v. Rajendra Prasad Ardevi and others, 2007 10 SCC 528 and Sarabjit Rick Singh v. Union of India, 2008 2 SCC 417. Applying the doctrine of strict construction, we are of the considered opinion that commission of offence by the company is an express condition precedent to attract the vicarious liability of others. Thus, the words 's well as the company appearing in the Section make it absolutely unmistakably clear that when the company can be prosecuted, then only the persons mentioned in the othercategories could be vicariously liable for the offence subject to the averments in the petition and proof thereof. One cannot be oblivious of the fact that the company is a juristic person and it has its own respectability. If a finding is recorded against it, it would create a concavity in its reputation. There can be situations when the corporate reputation is affected when a director is indicted.

43 In view of our aforesaid analysis, we arrive at the irresistible conclusion that for maintaing the prosecution under Section 141 of the Act, arraigning of a company as an accused is imperative. The other categories of offenders can only be brought in the dragnet on the touchstone of vicarious liability as the same has been stipulated in the provision itself. We say so on the basis of the ratio laid down in C.V. Parekh (supra) which is a three-Judge Bench decision. Thus, the view expressed in Sheoratan Agarwal

(supra) does not correctly lay down the law and, accordingly, is hereby overruled. The decision in Anil Hada (supra) is overruled with the qualifier as stated in paragraph 37. The decision in Modi Distilleries (supra) has to be treated to be restricted to its own facts as has been explained by us hereinabove.

(૧૯.૨). આમ, ઉપરોકત ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૧ ની જોગવાઈ તથા ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતાં, કંપનીની વ્યાખ્યા મા ભાગીદારી પેઢીનો સમાવેશ થઈ જાય છે અને ડાયરેકટરની વ્યાખ્યામાં તેના ભાગીદારનો સમાવેશ થાય છે. કંપની/ ભાગીદારી પેઢી એ કાયદાથી અસ્તિત્વ ધરાવતી વ્યકિત છે અને કલમ–૧૩૮ હેઠળ સૌપ્રથમ કંપની/ભાગીદારી પેઢીનુ કાયદાથી અસ્તિત્વ પુરવાર થવુ જોઈએ અને જે વ્યવહારનો ચેક હોય તે વ્યવહાર માટે કંપની/ભાગીદારી પેઢી ની કાયદાથી જવાબદારી નકકી થવી જોઈએ એટલે કે કંપની/ભાગીદારી પેઢી સામે દોષ સાબિત થવો જોઈએ, જો કંપની/ભાગીદારી પેઢીની જવાબદારી નકકી થાય તો અને તો જ પ્રતિનિધિત્વના સિધ્ધાંત (વાયકેરીયસ લાયેબીલીટી) મુજબ તેના રોજબરોજના કામકાજ માટે અને રોજ બરોજના વહીવટ અને દેખરેખ માટે જવાબદાર હોય તેવા વ્યકિતને કલમ–૧૩૮ હેઠળ જવાબદાર ગણી શકાય.

(૧૯.૩). આમ, હાલનો તકરારી ચેક ભાગીદારી પેઢીના ખાતાનો હોવાનું જણાઈ આવતુ હોઈ ત્યારે તે અંગેની ફરીયાદમાં ભાગીદારી પેઢીને આરોપી તરીકે જોડવી આવશ્યક છે. આમ, આ કામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૪૧ મુજબની મેન્ડેન્ટરી જોગવાઈનું પાલન થવું જરૂરી છે અને કંપની / ભાગીદારી પેઢી સામે ચેક પરત ફરવાના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરતા અગાઉ કંપની / ભાગીદારી પેઢીને કલમ–૧૩૮(બી) મુજબની નોટીસ ઈસ્યુ

કરવી મેન્ડેટરી છે. પરંતુ આ કામે ભાગીદારી પેઢીને કોઈ નોટીસ પાઠવવામા આવેલ નથી તેમજ હાલની ફરીયાદમાં ભાગીદારી પેઢીને આરોપી તરીકે જોડવામાં આવેલ નથી. આમ, આ કામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૪૧ મુજબની મેન્ડેન્ટરી જોગવાઈનો ભંગ થાય છે.

(૨૦). વધુમાં, આ કામે બચાવ પક્ષનો બચાવ એવો છે કે, આ કામના ફરીયાદી ધ્વારા આ કામના આરોપીને નાણાં આપેલ હોય, તે દર્શાવતો તેમજ ફરીયાદી પોતે રૂા.૨,૦૦,૦૦૦/– આરોપીને આપી શકે તેવી ફાયનાન્શીયલ કેપેસીટી ધરવાતાં હતા તેવું બતાવતો કોઈ જ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. આ કામે ફરીયાદીની આંક–૬ ની ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો,તેઓ ખેતી કામ કરે છે. ખેતીની હાલ તેમની પાસે અઢાર વીઘા જમીન છે. તેઓ ખેતીમાં થી રૂપિયા પાંચ–છ લાખ જેવી ઉપજ મેળવે છે. તેમને ભાગીદારી ધંધો ચુડા મુકામે હોય તેના પૈસા આવેલા જે પૈસા તેઓએ આરોપીને આપેલા. આ હકીકત સંબંધે ફરીયાદીએ કોઈ દસ્તાવેજો રજુ કરેલા નથી.ફરીયાદી પોતે ખેતી કરતાં હોય અને ખેતીની ઉપજ મેળવતાં હોય તેમજ પોતે આ ખેતીની જમીન ઉપર ધિરાણ મેળવતાં હોય તો તે અંગેના દસ્તાવેજો ફરીયાદીએ રજુ કરવા જોઈએ. તેમજ પોતાની આવકના આધાર પુરાવા રજુ કરવા જોઈએ. પરંતુ હાલમાં કેસમાં ફરીયાદીએ આવા કોઈ દસ્તાવેજો રજુ કરેલા ન હોય તેમજ ભાગીદારી પેઢીના પણ કોઈ દસ્તાવેજો રજુ કરેલા ન હોય, ત્યારે ફરીયાદી ધ્વારા આરોપીને રૂા.૨,૦૦,૦૦૦/– આપેલ હોવાનુ તથા ફરીયાદી પોતે રૂા.૨,૦૦,૦૦૦/– આરોપીને આપી શકે તેવી ફાયનાન્શીયલ કેપેસીટી ધરાવતાં હતા તેવું કહી શકાય નહિ. વધુમાં, સામાન્ય સંજોગોમાં જયારે કોઈ વ્યકિત, અન્યને હાથ ઉછીની રકમ આપે તો તે રકમ કેવી રીતે આપી, કયા સ્થળે અને સમયે આપી કોની હાજરીમા આપી તેવી માહીતી અવશય હોઈ પરંતુ આવી કોઈ હકીકત ફરીયાદીએ તેમની ફરીયાદમા તેમજ સરતપાસ

ના સોગંદનામા જણાવેલ નથી.વધુમાં,કહેવાતી ઉછીની આપેલ રકમ અંગે કોઈ લખાણ,પ્રોમેસરી નોટ આરોપીએ લખી આપેલ હોઈ તેવા કોઈ દસ્તાવેજો પણ આ કામે ફરીયાદી તરફથી રજુ કરવામાં આવેલ નથી. આમ, ફરીયાદીએ, આરોપીને રૂા.૨,૦૦,૦૦૦ જેવી મોટી રકમ કોઈપણ પ્રકારનુ લખાણ કર્યા વિના હાથ ઉછીની આપેલ હોવાની હકીકત શંકા ઉત્પન્ન કરે છે.

(૨૦.૧). વધુમાં, ફરીયાદીની ઉલટ તપાસ ધ્યાને લેતાં તેઓ જણાવે છે કે,ફરીયાદવાળી વાદગ્રસ્ત ચેકની રકમ આરોપીએ તેમની પાસે સને ૨૦૧૮-૨૦૧૯ માં માંગેલી અને તેઓએ રૂા.૨,૦૦,૦૦૦/- આપેલા. તેઓએ હાલની જે વાદગ્રસ્ત ફરીયાદ રૂા.૨,૦૦,૦૦૦/- ની નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે તે પેટે ચેક કે રકમ લીધેલ નથી. વધુમાં તેઓ કબુલ રાખે છે કે, વાદગ્રસ્ત રકમ રૂા.૨,૦૦,૦૦૦/- જે આરોપીને આપવાનું જણાવે છે તેવી રકમ પેટેનો કોઈ ચેક તેઓએ વિપુલભાઈ પાસેથી મેળવેલ નથી. તેવી હકીકત જણાવે છે.

(૨૦.૨). વધુમાં, ફરીયાદીની ફરીયાદ તથા પુરાવાના સોગંદનામા તેમજ ફરીયાદીએ આરોપીને પાઠવેલ ડીમાન્ડ નોટીસ ધ્યાને લેતાં, ફરીયાદીએ કહેવાતી રૂા. ૨,૦૦,૦૦૦/- ની રકમ કોની હાજરીમાં, કઈ જગ્યાએ, કઈ તારીખે, કયા વર્ષમાં આપેલી તેવી કોઈ હકીકત જણાવેલ નથી. તેમજ ફરીયાદીએ તે અંગે કોઈ સાક્ષી પણ તપાસેલ નથી.

(૨૦.૩). આમ, ઉપરોકત હકીકતો, તથા ફરીયાદી તરફે રજુ થયેલ પુરાવા ધ્યાને લેતાં, તથા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ-૧૩૯ ધ્યાને લેતાં, એક વખત આરોપીએ ચેક લખી આપ્યાની હકીકત સાબિત થાય એટલે તે ચેક કોઈ કાયદેસરના દેવાની જવાબદારી અદા કરવા માટે ચેક આપેલ હોવાનુ અદાલતે અનુમાન કરવાનુ રહે છે. પરંતુ આરોપી આ અનુમાનનુ ખંડન પોતે પુરાવો આપીને તથા ફરીયાદીની ઉલટ તપાસ કરીને ખંડન કરી શકે છે અને જો આરોપી આ અનુમાનનુ ખંડન કરવામા સફળ થાય તો ફરીયાદી ઉપર પુરાવા

ના બોજાનું સ્થળાંતર થાય છે, અને કહેવાતો ચેક આરોપીએ તેમના કોઈ કાયદેસરના દેવાની જવાબદારી અદા કરવા માટે લખી આપ્યાની હકીકત પુરવાર કરવી પડે. વધુમાં, ***Basalingappa v. Mudibasappa (2019) 5 SCC 418,*** the Supreme Court clarified,

> Presumption does not dispense with proof of basic facts and If complainant's version appears inherently doubtful, presumption stands rebutted.

તેમજ Hon'ble Supreme Court in ***John K. Abraham v. Simon C. Abraham (2014) 2 SCC 236*** held:

> When complainant fails to disclose basic details regarding loan transaction, serious doubt arises about existence of legally enforceable debt.

તેમજ Hon'ble Supreme Court in ***K. Subramani v. K. Damodara Naidu (2015) 1 SCC 99,*** held:

> Absence of proof regarding source of funds and financial capacity makes complainant's case doubtful.

**(૨૦.૪).** આમ, જયારે આરોપી પોતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૯ મુજબના અનુમાનનુ ખંડન કરવામા સફળ રહેલ હોઈ ત્યારે તકરારી ચેક કોઈ કાયદેસરની જવાબદારી અને દેવા પેટે આપેલ હોવાનો પુરાવો બનતો નથી, જયારે તે ચેક કોઈ કાયદસરની જવાબદારી અને દેવા પેટે આપેલ હોવાની હકીકત શંકા ઉપજાવનારી હોઈ ત્યારે તેનો લાભ આરોપીને મળવા પાત્ર છે.

**(૨૦.૫).** આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં, ફરીયાદીએ આરોપીને રૂા.૨,૦૦,૦૦૦ આપેલ હોવા સબંધે ફરીયાદીએ કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી, અને માત્ર ફરીયાદી પાસે આરોપીના ખાતાનો ચેક હોવા માત્રથી ફરીયાદી

તે ચેકના હોલ્ડર ઈન ડયુ કોર્ષ, યાને યથાનુક્રમે ધારણકર્તા કહી શકાય નહીં.

**(૨૧).** વધુમાં, આ કામે બચાવ પક્ષનો બચાવ એવો છે કે, ફરીયાદીનુ લેણું મુદત બહારનુ છે. આ સબંધે ફરીયાદીની આંક-૧ ની ફરીયાદ તથા સરતપાસ સોગદનામુ વંચાણે લેતા, મે આરોપીને સૌ પ્રથમ સને ૨૦૧૮-૧૯ માં બે લાખ રૂપિયા હાથ ઉછીના આપેલા તે રકમ મારી પાસે પડેલી હતી. આમ, ફરીયાદીનુ ફરીયાદ મુજબનુ લેણુ વર્ષ ૨૦૧૮ નુ હોવાનુ ફલીત થાય છે. ફરીયાદીએ ફરીયાદમા વર્ષ ૨૦૧૮ ની રકમ કયા મહીનામા આપેલ તે પણ જણાવેલ નથી. તેમજ આરોપી દવારા લેવામાં આવેલ ઉલટતપાસમાં જણાવે છે કે,ફરીયાદવાળી વાદગ્રસ્ત ચેકની રકમ આરોપીએ મારી પાસે સને ૨૦૧૮-૧૯ માં માંગેલા અને મે બે લાખ રૂપિયા આપેલા. મે હાલની જે વાદગ્રસ્ત ફરીયાદ રૂપિયા બે લાખની નામદાર કોર્ટમાં કરેલી છે તે પેટે ચેક કે રકમ લીધેલ નથી. મે આરોપીને રૂપિયા પાંચ લાખ કે છ લાખ આપેલા હોય તે પેટે નો ચેક કે લખાણ લીધેલ નથી. હુ જે સને ૨૦૧૮-૧૯ માં આરોપીએ મારી પાસેથી બે લાખ માંગવાનુ કહુ છુ તે મને ત્રણ-ચાર મહિનાની મુદત માટે માંગેલા. એ વાત ખરી છે કે આરોપીએ મારી પાસે સને ૨૦૧૮-૧૯ માં જે રૂપિયા બે લાખ માંગેલા તેની ફરીયાદ મેં હાલમાં કરેલી છે. વાદગ્રસ્ત ફરીયાદ વાળો ચેક મને આરોપી વિપુલભાઈએ મે અથવા જુન મહિનામાં ૨૦૨૨ ની સાલમાં આપેલો. મને આરોપીએ જે છ ચેકો આપેલા તે પેટે હુ આરોપી પાસે કુલ રૂપિયા તેર લાખ માગતો હતો. મને આરોપીએ આપેલા ચેકો મે મારા કબજામાં છ મહિના સુધી રાખેલા. મને આરોપીએ છએ ચેકો અલગ અલગ તારીખના આપેલા. આમ, ફરીયાદીની ફરીયાદ તથા ઉપરોકત સરતપાસ તેમજ ઉલટતપાસની હકીકતો ધ્યાને લેતાં ફરીયાદીએ, આરોપીને સને ૨૦૧૮ -૧૯ ના કયા માસમાં રૂપિયા બે લાખ આરોપીને આપેલા તેમજ તેઓએ આરોપી પાસેથી ઉપરોકત રકમ કયા માસ ના કયા માસમા અથવા તો

ચોકકસ કઈ તારીખે પરત માંગેલી તેવી કોઈ હકીકત ફરીયાદીએ જણાવેલ નથી. આમ, ઉપરોકત હકીકતો સંબંધે ફરીયાદીએ કોઈ સ્પષ્ટ પુરાવો આપેલ નથી.

**(૨૧.૧).** આમ, ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતા, એ હકીકત સ્પષ્ટ છે કે ફરીયાદ મુજબ નુ લેણુ વર્ષ ૨૦૧૮ ની સાલનુ છે અને સદર લેણા અંગે ફરીયાદ વાળો ચેક ઈસ્યુ થયો તે બંને વ્યવહાર વચ્ચે આરોપીએ ફરીયાદીનુ લેણુ સ્વીકાર કરેલ હોય, તેવો કોઈ દસ્તાવેજ લેખીતમા કરી આપેલ હોય તેવો કોઈ પુરાવો ફરીયાદીએ આ કામે રજુ કરેલ નથી.સમગ્ર ફરીયાદ અંગેનો મૌખીક પુરાવો તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લઈએ તો, ફરીયાદીની કહેવાતા વર્ષ ૨૦૧૮ ના લેણાનો ચેક ત્રણ વર્ષની સમયમર્યાદા દરમ્યાન ઈસ્યુ કરવામા આવેલ નથી. તેમજ ફરીયાદી અને આરોપી વચ્ચે ફરીયાદ વાળો વ્યવહાર વર્ષ ૨૦૧૮ માં થયેલો અને તે લેણાની વસુલાત માટે ત્રણ વર્ષની સમયમર્યાદામા ફરીયાદીએ કોઈ નોટીસ, કે લેણાની ડીમાન્ડ આરોપી પાસે કરેલ હોય, તેવો કોઈ પુરાવો ફરીયાદીએ રજુ કરેલ નથી. વધુમાં, આરોપીએ વર્ષ ૨૦૧૮ ના ફરીયાદ મુજબના કહેવાતા લેણાનો કોઈ સ્વીકાર અંગે કોઈ લખાણ કરેલ હોય, તે અંગે પણ કોઈ દસ્તાવેજી પુરાવા ફરીયાદીએ રજુ કરેલ નથી. તેમજ ફરીયાદીની ઉલટતપાસ ધ્યાને લેતાં મે હાલની જે વાદગ્રસ્ત ફરીયાદ રૂપિયા બે લાખની નામદાર કોર્ટમાં કરેલી છે તે પેટે ચેક કે રકમ લીધેલ નથી. જેથી ફરીયાદીનુ લેણુ પુરવાર થતુ નથી. વધુમાં, આ કામે રજુ થયેલ આંક–૧૪ વાળો તકરારી ચેક તારીખ : ૨૩/૧૨/૨૦૨૨ નો છે. આ કામે આરોપી ધ્વારા ફરીયાદ વાળો ચેક ઈસ્યુ કરતી વખતે પોતાનુ લેણુ સ્વીકારવા બાબતે કોઈ લખાણ આપેલ હોવાની કોઈ હકકીત ફરીયાદીએ જણાવેલ નથી. તેમજ આરોપીએ સને ૨૦૧૮ થી આંક–૧૪વાળો ચેક ઈસ્યુ થયો તે દરમ્યાન ફરીયાદીને લેણાં પેટેની કોઈ રકમ ચુકવી આપેલ હોય તેવી કોઈ હકીકત

જણાવેલ નથી. ફરીયાદીએ લેણી રકમની ઉઘરાણી ક્યારે કરી તે પણ જણાવેલ નથી. જેથી ચેકની તારીખ તેના લેણા સ્વીકારવાની તારીખ ગણાય. ફરીયાદ મુજબ ફરીયાદવાળા ચેકની રકમ ફરીયાદી એ વર્ષ ૨૦૧૮ મા આપેલ તે લેણી રકમની ચુકવણી માટે ચેક તા.૨૩/૧૨/૨૦૨૨ ના રોજ ઈસ્યુ થયેલ હોય તો, સ્વાભાવીક રીતે ત્રણ વર્ષની સમયમર્યાદા પુરી થયા બાદ ચેક ઈસ્યુ થયેલ હોવાની હકીકત રેકર્ડ પર આવે છે. વધુમાં, લીમીટેશન એકટ ૧૯૬૩ ના આર્ટીકલ–૩૧ ધ્યાને લેતા...

| No. | Description of suit | Period of limitation | Time from which period begins to run |
|---|---|---|---|
| 31. | On a bill of exchange or promissory note payable at a fixed time after date. | Three years | When the bill or note falls due. |

**(૨૧.૨).** આમ, ઉપરોકત જોગવાઈ ધ્યાને લેતાં, લીમીટેશન એકટ ૧૯૬૩ ના આર્ટીકલ ૩૧ મુજબ બીલ ઓફ એકસચેન્જ અથવા પ્રોમીસરી નોટ ઉપરના લેણી રકમ વસુલ કરવા માટે દાવો દાખલ કરવા માટેની સમયમર્યાદા ત્રણ વર્ષની ગણવામાં આવેલ છે. જેમાં સમયમર્યાદા શરૂ થવાની વિગત જોવામાં આવે તો બીલ અથવા પ્રોમીસરી નોટ, લેણા માટે ડયુ થાય તે તારીખથી સમયમર્યાદા ગણવાની શરૂ થાય તેવી જોગવાઈ કરવામાં આવેલ છે.ફરીયાદીની આંક–૧ ની ફરીયાદ મુજબ ફરીયાદી એ આરોપીને રૂપિયા બે લાખની હાથ ઉછીની રકમ વર્ષ ૨૦૧૮ મા આપેલ જયારે આંક–૧૪ વાળો તકરારી ચેક તા.૨૩/૧૨/ ૨૦૨૨ નો છે. જે જોતાં એ હકીકત પુરવાર થાય કે ફરીયાદ વાળો આંક–૧૪ નો ચેક “time barred debts” પેટે ઈસ્યુ થયેલ છે. ત્યારે અદાલતે ભારતીય કરાર ના કાયદાની કલમ–૨૫(૩) ધ્યાને લેવી જોઈએ,અને આરોપીએ પોતાનુ દેવુ ભારતીય કરારના કાયદાની કલમ–૨૫(૩) મુજબ લેખીતમા સ્વીકારેલ હોવુ જોઈએ અને તેમાં દેવુ સ્વીકારવા બદલ સહી કરેલ હોવી જોઈએ. વધુમાં, ધી

નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ “Quasi Civil & Criminal” પ્રકારનો છે. વધુમાં, અદાલતે એ હકીકત પણ ધ્યાને લેવી જોઈએ કે, કાયદા મુજબની ઠરાવેલ સમયમર્યાદામા જો કોઈ રકમની ચુકવણી થયેલ હોય, એટલે કે પાર્ટ પેમેન્ટ કરવામા આવેલ હોય, અગરતો કોઈ લખાણ, સ્વીકાર, કરવામાં આવેલ હોય ત્યાર થી તેની સમયમર્યાદા ગણવાની શરુઆત થાય એટલે લીમીટેશન એકટની કલમ–૧૯(૧) મુજબ “Where payment on account of a debt or of interest on a legacy is made before the expiration of the prescribed period by the person liable to pay the debt or legacy or by his agent duly authorised in this behalf, a fresh period of limitation shall be computed from the time when the payment was made”:

**(૨૧.૩).** વધુમાં, આ કામે આરોપી તરફથી નામદાર સર્વોચ્ચ અદાલતના ***એ.વી.મુર્થી વિ. બી.એસ.નાગબસાવન્ના,*** *એ.આઈ.આર.૨૦૦૨ (એસ.સી.) ૯૮૫,* ના ચુકાદાની નકલ રજુ કરવામાં આવેલ છે.જે માનસહ વંચાણે લેતાં,

As the complaint has been rejected at the threshold, we do not propose to express any opinion on this question as the matter is yet to be agitated by the parties. But, we are of the view that the learned Sessions Judge and the learned Single Judge of the High Court were clearly in error in quashing the complaint proceedings. Under Section 118 of the Act, there is a presumption that until the contrary is proved, every negotiable instrument was drawn for consideration. Even under Section 139 of the Act, it is specifically stated that it shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in Section 138 for discharge, in whole or in part, of any debt or other liability. It is also pertinent to note that under sub-section (3) of Section 25 of the Indian Contract Act, 1872, a promise, made in writing and signed by the person to be charged therewith, or by his agent generally or specially authorized in that behalf, to pay wholly or in part a debt of which the

creditor might have enforced payment but for the law for the limitation of suits, is a valid contract. Moreover, in the instant, the appellant has submitted before us that the respondent, in his balance sheet prepared for every year subsequent to the loan advanced by the appellant, had shown the amount as deposits from friends. A copy of the balance sheet as on 31st March 1997 is also produced before us. If the amount borrowed by the respondent is shown in the balance sheet, it may amount to acknowledgement and the creditor might have a fresh period of limitation from the date on which the acknowledgement was made. However, we do not express any final opinion on all these aspects, as these are matters to be agitated before the Magistrate by way of defence of the respondent.

This is not a case where the cheque was drawn in respect of a debt or liability, which was completely barred from being enforced under law. If for example, the cheque was drawn in respect of a debt or liability payable under a wagering contract, it could have been said that that debt or liability is not legally enforceable as it is a claim, which is prohibited under law. This case is not a case of that type. But we are certain that at this stage of the proceedings, to say that the cheque drawn by the respondent was in respect of a debt or liability, which was not legally enforceable, was clearly illegal and erroneous.

એટલે કે જયારથી પેમેન્ટ ચુકવવામા આવેલ હોય ત્યારથી લીમીટેશન ની ગણવાની શરુઆત કરવી જોઈએ. ફરીયાદીના જણાવ્યા મુજબ મે–૨૦૨૨ મા તમામ ચેક લીધેલ છે. જે લેણુ ૨૦૧૮ નુ છે જેથી પણ ત્રણ વર્ષની સમય મર્યાદાની અંદર કોઈ એકનોલેજમેન્ટ થયેલાનુ રેકર્ડ પરથી ફલીત થતુ નથી.

**(૨૧.૪).** વધુમાં, આ કામે આરોપીએ તેમની આંક–૬૫ ની લેખિત દલીલમાં નામદાર કેરાલા હાઈકોર્ટના ***Sasseriyil Joseph vs Devassia, 2001 Cri.L.J. 24*** ના ચુકાદા ઉપર આધાર રાખતા હોવાનું જણાવેલ છે. જે ચુકાદો માનસહ વંચાણે

લેતાં, ટાઈમ બાર્ડ ડેબ્ટ બાબતે ચર્ચા થયેલ છે અને ટાઈમ બાર્ડ ડેબ્ટ માટે ચેક ઈસ્યુ કરવામા આવેલ હોઈ પરંતુ વેલીડ એકનોલેજમેન્ટ લેખીતમા આપવામા આવેલ ન હોય, તો તેવુ ટાઈમ બાર્ડ દેવુ ચુકવવા માટેના કરવામા આવેલ પ્રોમીસ એટલે ઈસ્યુ કરવામા આવેલ ચેકને કાયદેસર દેવાની વ્યાખ્યામા ગણી શકાય નહી તેવું ઠરાવેલ છે.

**(૨૧.૫).** આમ, ઉપરોકત ચર્ચા ધ્યાને લેતાં, આંક–૧૪ વાળો ચેક એ મુદત બહારના દેવાની વસુલાત માટે આપેલ હોવાનું ગણાય અને ઉપરોકત ચર્ચા તથા નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરવામા આવેલ સિધ્ધાંત મુજબ ટાઈમ બાર્ડ ડેબ્ટ માટે ઈસ્યુ કરવામા આવેલ ચેક પરત ફરે તો, તે લીગલી એન્ફોર્શીયેબલ ડેબ્ટ માટે ઈસ્યુ કરવામા આવેલ હોવાનુ ગણી શકાય નહી અને તેવા ટાઈમ બાર્ડ ચેક પરત ફરવાના કિસ્સામા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ આરોપી સામે ટકી શકે નહી.

**(૨૨).** વધુમાં, આ કામે આંક–૧૪ વાળો તકરારી ચેક ધ્યાને લેતા તે ચેક વિશ્વમ ઈન્ફો નામની પેઢીના ખાતાનો છે અને આ કામે વિશ્વમ ઈન્ફો ભાગીદારી પેઢી ને નોટીસ પાઠવવામાં આવેલ નથી તેમજ ફરીયાદમાં પણ ભાગીદારી પેઢી ને આરોપી તરીકે દર્શાવેલ નથી તેથી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૪૧ નો ભંગ થાય છે. વધુમાં, આ કામના ફરીયાદીને આરોપી પાસે થી રૂા.૨,૦૦,૦૦૦/– લેણી પડે છે તેવી હકીકત પ્રસ્થાપિત કરવાની તમામ જવાબદારી આ કામના ફરિયાદીની રહે છે. જે હકીકત પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. જયારે પ્રોબેબલ ડીફેન્સ ક્રીએટ કરવામાં આવે ત્યારે ઓનસ ફરીથી આ કામના ફરિયાદી ઉપર શીફ્ટ થાય છે, પરંતુ ફરિયાદી ધ્વારા તેઓને આરોપી પાસેથી રૂા.૨,૦૦,૦૦૦/– લેણી પડે છે તેવો કોઈ આધાર પુરાવો રજુ કરેલ નથી. તે જ રીતે ફરીયાદી તેમની ઉલટતપાસમાં કબુલ રાખે છે

કે, તેઓએ આરોપીને પાંચ લાખ કે છ લાખ આપેલા હોય તે પેટે કોઈ લખાણ કે ચેક લીધેલ નથી. તેમજ તેઓએ ફોજદારી કેસ નં.૪૪૫/૨૦૨૩ થી રૂા. ૨,૦૦,૦૦૦/– નો ચેક રીટર્નનો કેસ આરોપી વિપુલભાઈ સામે કરેલ છે. એ ફરીયાદમાં આરોપીએ કયારે અને કયા સમયે તેમની પાસે રૂા.૨,૦૦,૦૦૦ માંગેલા તે જણાવેલ નથી અને સૌથી અગત્યની બાબત એ છે કે, ફરીયાદી જણાવે છે કે તેઓએ આરોપીને આપેલ રકમ તેમની પાસે ભાગીદારી પેઢીના પૈસા આવેલા તેમાંથી આરોપીને આપેલા. પરંતુ તે હકીકત પુરવાર કરવા માટે ફરીયાદીએ ભાગીદારી પેઢીના કોઈ દસ્તાવેજો આ કામે રજુ કરેલા નથી. તેમજ તેઓની ઉલટ તપાસ અધુરી હોય અને ભાગીદારી પેઢીના દસ્તાવેજો રજુ કરવા માટે તેઓએ મુદત માંગેલ હોય તેમ છતાં તેઓએ ભાગીદારી પેઢીના દસ્તાવેજો રજુ કરેલા નથી તથા ઉલટ તપાસ માટે હાજર રહેલા નથી. જેથી આ કામે આંક–૧ લગત હુકમ કરી તેઓનો પુરાવો બંધ કરવામાં આવેલો. આમ, આરોપી પાસેથી કેટલી રકમ લેણી પડે છે તે દર્શાવવાની તમામ જવાબદારી આ કામના ફરિયાદીની જ રહે છે. જો આ હકીકત પુરવાર કરવામા ફરીયાદી નિષ્ફળ જાય તો ફરીયાદીનુ આરોપી પાસેનું **legally enforceable debt** ન ગણાય. પરંતુ આ કામના ફરિયાદી તરફે આવા કોઈ દસ્તાવેજો કે તે અંગેના મૌખિક પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

(૨૩). વળી, આ કામે ***કપડવંજ પીપલ્સ કો.ઓ. બેંક લી., વિ. જયંતિભાઈ તલાસાજી મારવાડી ૨૦૧૨ લોસ્યુટ (ગુજ) ૧૫૪૫*** નો ચુકાદો આ અદાલતના ધ્યાન ઉપર આવેલ છે, જે ચુકાદાના પેરા નં.૯ માં પ્રસ્થાપિત કરેલ છે કે,

> [9] As regards contention that the cheque in question was given towards discharge of legally recoverable debt, it is settled proposition that presumption under Section 139 of the Act is rebuttable presumption and when an accused has to rebut the presumption the

standard of proof is that of preponderance of probabilities. **In order to raise probable defence it is not necessary that the accused has to enter into witness box or lead evidence. The accused can rely on the material submitted by the complainant in order to raise probable defence. If the accused is able to raise probable defence which creates doubts about the existence of a legally recoverable debt or liability, the prosecution can fail.** It is also settled proposition that presumption raised in favour of a holder of a cheque does not extend to the extent that the cheque was issued for the discharge of any debt or liability. It is required to be proved by the complainant. If an accused is able to raise probable defence with regard to existence of a legally recoverable debt or liability, the burden shifts on the prosecution to prove that the cheque in question was given towards legally recoverable debt or liability.

[12] It is not in dispute that the prosecution did not produce any statement of account to indicate the amount of loan given to the accused and the amount due and payable by the accused on the date of issuance of cheque in question. It also emerges that the vehicle purchased from the loan amount was sold away and the amount received was credited in the account but **in absence of statement of account, it is difficult to ascertain the exact outstanding amount and hence it cannot be said that the cheque was given towards discharge of such debt or liability. Therefore, the accused was able to raise probable defence that there was no existence of legally recoverable debt on**

**the day of issuance of the cheque. The prosecution failed to produce any evidence to show that the cheque amount was outstanding when the cheque in question was given to the complainant.**

**(૨૪).** આમ, ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિંધ્ધાત ધ્યાને લેતાં, જયારે આરોપી તરફે એવો બચાવ લેવામાં આવેલ છે કે, ફરીયાદીનું આરોપી પાસે કોઈ કાયદેસરનું લેણું બાકી નથી, તેવા સંજોગોમાં જયારે ફરીયાદી તેમનું કાયદેસરનું લેણું જ પુરવાર કરી શકેલ ન હોય, ત્યારે ઉપરોકત ચુકાદામાં નામદાર ગુજરાતની વડી અદાલત ધ્વારા પ્રસ્થાપિત કરેલ સિંધ્ધાત માનસહ વંચાણે લેતાં, ફરીયાદીએ આરોપીને જે રકમ હાથઉછીની આપેલી તે રકમ આરોપીને આપેલ હોવાની હકીકત ફરીયાદીએ પુરવાર કરવી જ પડે અને આવી હકીકત પુરવાર કરવામાં જયારે ફરીયાદી નિષ્ફળ ગયેલ હોય, ત્યારે તેનો લાભ આ કામના આરોપીને જ આપવો જોઈએ તેમ અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. તેમજ તેવો જ સિંધ્ધાત નામદાર મદ્રાસની વડી અદાલત ધ્વારા ***રઘુબીરપ્રસાદ ગર્ગ વિ.પ્રહીર કુમાર પાંડે, ૨૦૦૭ લો સ્યુટ (મદ્રાસ) ૨૫૩*** માં પણ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. આમ, આ કામે ફરિયાદી ધ્વારા તેઓની ચેકમાં દર્શાવેલ રકમ જેટલી જ રકમ લેણી થાય છે તેવી હકીકત દર્શાવવામાં નિષ્ફળ ગયેલા હોય,ત્યારે તેનો લાભ આ કામના આરોપીને જ આપવો રહયો, તેમ અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે.

**(૨૫).** આમ, ઉપરોકત ચર્ચા કરેલ સમગ્ર હકીકતો તથા ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, આ કામના ફરીયાદીએ આરોપીને રૂા.૨,૦૦,૦૦૦/- હાથ ઉછીની આપેલ હોવાની હકીકત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલા હોય, આરોપી તેઓ ઉપરની ધારણાનું (સંભાવનાનું પ્રાબલ્ય) ખંડન કરવામાં સફળ રહેલા હોય, સબબ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ સબંધે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: <u>હુકમ</u> ::–

**(૧).** આ કામના આરોપીઓ **વિશ્વમ ઈન્ફોના ભાગીદાર દરજ્જે (પેઢીના કુલમુખત્યાર વહીવટકર્તા), (૧) વિપુલભાઈ ખોડાભાઈ ચોવટીયા,** ઉ.વ.આ. ૪૦, રહે.બ્લોક નં.૭, ઠાકરશી નગર–૧, સાર્વજનીક પ્લોટ સામે, ખલીલપુર રોડ, જુનાગઢ, **(૨) પિયુષભાઈ ઉકાભાઈ ગોધાણી,** ઉ.વ.આ.૩૯, રહે. નં.૪/૫, રાજનગર, બ્લોક નં.૯, સાર્વજનીક પ્લોટ સામે, કાવેરી એપાર્ટમેન્ટ ની સામેની ગલી, ખલીલપુર રોડ, જુનાગઢનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૧) મુજબ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

**(૨).** આરોપીઓએ અગાઉ આપેલ જામીનખત તથા જાતમુચરકા રદ કરવા હુકમ કરવામાં આવે છે.

**(૩).** આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના રૂા.૧૫,૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૨ મી, માહે : મે, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨/૦૫/૨૦૨૬.
ભેસાણ.

(જીતેશ જયેશકુમાર મોદી)
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ભેસાણ.
(જજ કોડ જીજે.૦૧૩૯૧)